ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**મહેન્દ્રલાલ રતીલાલ શાહ**
શ્રી સમસ્ત ખડાયતા સમાજ, ગાંધીનગર
ફોન : ૨૩૨૨૨૯૪૪૭



**જુલાબેન એસ સોલંકી**

# પ્રેરણા વિદ્યાલયનો વિદ્યાર્થી રાષ્ટ્રીય કક્ષાએ ઝળક્યો



ગાંધીનગર, તા.૧૩

પ્રેરણા વિદ્યાલયનો વિદ્યાર્થી વાડોદરા જયમુનિ હરજીભાઈ અંડર-૧૯માં યંગમુડો સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ તૃતીય સ્થાન મેળવે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરતા હર્ષની લાગણી પ્રસરી હતી.

તાજેતરમાં ૬ થી ૧૦ ડિસેમ્બર દરમિયાન છત્તીસગઢના રાજનંદ ગામમાં યોજાયેલ નેશનલ સ્કૂલ ગેમમાં યંગમુંડો સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયનો વિદ્યારથી ઝળક્યો.

ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા તથા આચાર્યા મનીષભાઈ ખત્રીએ અભિનંદન પાઠવી વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતો.

# બાળ વિશ્વવિદ્યાલય દ્વારા ભોપાલ ખાતે બે દિવસીય પરિસંવાદ યોજાયો



ગાંધીનગર, તા.૧૩

બાળ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર અને અટલ બિહારી વાજપેયી હિન્દી વિશ્વવિદ્યાલ, ભોપાલના સંયુક્ત ઉપક્રમે ભોપાલ ખાતે 'તેજસ્વી બાળક : તેજસ્વી ભારત' વિષય પર ૭ અને ૮ ડિસેમ્બર, ૨૦૧૬ના ના રોજ બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય 'ગર્ભસંસ્કાર' પ્રત્યે સમાજમાં જાગૃતિ વધારવાનો હતો.

ઉદ્ઘાટન સત્રમાં મધ્યપ્રદેશના મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રી શ્રીમતી અર્ચના ચિટનીસ મુખ્ય અતિથિરૂપે ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે તેજસ્વી ભારતના નિર્માણમાં રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા ગર્ભસંસ્કાર કેન્દ્રો સરકાર દ્વારા સ્થાપિત થાય તેવી રજૂઆત કરી હતી. અટલ બિહારી વાજપેયી હિન્દી વિશ્વ વિદ્યાલય ભોપાલના મા. કુલપતિ મોહનલાલજી છીપાએ પોતાના વકતવ્યમાં બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદમાં મનોમંથન થકી ગર્ભસંસ્કાર માટેની એક નવી દિશા સમાજને મળશે તેવી આશા વ્યક્ત કરી હતી.

આ બે દિવસીય પરિસંવાદ દરમિયાન 'શ્રેષ્ઠ સંતતિ વિજ્ઞાન', ગર્ભાવસ્થામાં ગર્ભસંવાદ, ગર્ભધ્યાન, યોગ, સંગીત, પોષણ, આહાર અને સર્જનાત્મક પ્રવૃત્તિઓનું મહત્ત્વ, 'ગર્ભસંસ્કાર - નવી દિશા', ભારતીય સંસ્કૃતિમાં શિશુ - વિકાસની પ્રક્રિયાઓ જેવાં વિષયો ઉપર સંશોધન પત્રો રજૂ કરવામાં આવ્યા તેમજ તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પરિસંવાદમાં બાળ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના આસી. પ્રો. ડૉ. રૂપમબહેને ઉપાધ્યાયે 'ગર્ભાધાન પૂર્વે પંચકોશાત્મક સ્તર પર માતાપિતાની ભૂમિકા' વિશે પેપર રજૂ કર્યું હતું. બાળ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના તપોવન સંસોધન કેન્દ્રોમાં પ્રાંત સંયોજક શ્રીમતી તર્પણાબહેન વ્યાસે બાળ વિશ્વવિદ્યાલયના વિવિધ તપોવન સંશોધન કેન્દ્રો તેમજ તેમાં કરાવવામાં આવતી પ્રવૃત્તિઓની વિગતવાર ચર્ચા કરી હતી.

માતૃ-સંસ્થા બાળ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા અટલ બિહારી વાજયેપી હિન્દી વિશ્વવિદ્યાલયને પરિસંવાદના આરંભથી લઈને આયોજન, વિષય-પસંદગી વગેરે બાબતોમાં સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

જીવનમાં તોફાન તો
આવવું જ જોઈએ
આપણને ખબર તો પડે
કોણ
આપણો હાથ પકડીને ચાલે છે
ને કોણ હાથ છોડીને !

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બેફિકરે
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બેફિકરે
૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
૩૦ મિનટ્સ
૧૨.૦૦, ૫.૦૦
ડિયર જિંદગી
૨.૧૫, ૯.૩૦
મિશન મમ્મી
૭.૧૫

**સ્ક્રીન-૫**
બેફિકરે
સવારે ૧૦.૦૦
કહાની-૨
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ડિયર જિંદગી
૬.૪૫

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે સાયન્સ ક્વિઝ યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર પબ્લિક સ્કૂલમાં સાયન્સ ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૬ થી ૯ના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ભાગ લીધેલ બાળકોને વિજ્ઞાનલક્ષી પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

જેમાં ચાર રાઉન્ડ રાખવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ પોતાની બુદ્ધિ ક્ષમતા પ્રમાણે પ્રશ્નોના ઉત્તર આપ્યા હતા અને શાળામાં ગ્રુપ પ્રમાણે બ્લ્યુ હાઉસ ગ્રુપને પ્રથમ સ્થાન મળ્યું હતું.

# સ્કૂલ ઑફ અચિવર કુડાસણમાં યોજાયો Home Away from Home કાર્યક્રમ






ગાંધીનગર, તા.૧૩

સ્કૂલ ઑફ ઍચિવરમાં આ વર્ષે પણ **Home Away from Home** કાર્યક્રમ યોજાઈ ગયો. કાર્યક્રમ તા.૧૦ ડિસેમ્બરના રોજ યોજાયો હતો. પેરેન્ટ્સ પોતાના પાલ્યને સાંજે ૪.૩૦ વાગ્યે સ્કૂલમાં મૂકીગયા અને બીજા દિવસે સવારે ૭ વાગે પરત લઈ ગયા. તે દરમિયાન વિદ્યાર્થીઓને મન ભરીને મજા માણી હતી. પોપકોર્ન અને ચીકી દ્વારા વિદ્યાર્થીઓને વેલકમ કરવામાં આવ્યું હતું. સૂપ, ગુલાબજાંબુ, પાઉંભાજી, કઢી, પુલાવ વગેરે સ્કૂલમાં જ બનાવી વિદ્યાર્થીઓને આસ્વાદ માણ્યો, તો ભેળ અને ખીચું વિદ્યાર્થીઓએ જાતે જ બનાવી સ્વનિર્ભરતાનો સ્વાદ પણ ચાખ્યો હતો.

સાથે-સાથે કેમ્પફાયર (બોનફાયર)ના ઉષ્માપૂર્ણ વાતાવરણમાં ગીત-સંગીત અને નૃત્ય તથા નાટિકાઓ, મૂવી શૉની રંગત પણ માણી.

ફોટોઝોન અંતર્ગત વિવિધ ફોટોગ્રાફ લઈ કાર્યક્રમને ચિરસ્મરણીય કરી લીધો હતો. પૂર્ણતઃ સ્વૈચ્છિક હોવા છતાં કાર્યક્રમમાં અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમના ધોરણ-૨ થી ૮ના ૬૮૯ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ સ્કૂલ ઑફ એચિવરને સાચા અર્થમં પોતાનું ઘર બનાવી લીધું. ૬૮૯ બાળકોના એક દિવસના માતા-પિતાની ભૂમિકા ભજવનાર ૧૦૦ જેટલા શિક્ષકો ભાઈ-બહેનોને બાળકોને ચિરસ્મરણીય લાડ-દુલાર કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને નિર્વહન હાર્દિક પટેલ તથા સુશ્રી સીમા પાલ દ્વારા કરવામાં આવ્યું હતું. સ્કૂલે આ કાર્યક્રમની સફળતા માટે શાળાના સમગ્ર સ્ટાફ તથા વિદ્યાર્થીઓના પેરેન્ટ્સ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# ગુજરાતી ફિલ્મ 'કૂખ' નું ટ્રેઈલર અને મ્યુઝિક લોન્ચ

અમદાવાદ, ૧૩

ગુજરાતી સામાજીક ફિલ્મ 'કૂખ' નું મ્યુઝિક આલ્બમ અને ટ્રેઈલર તા. ૧૨ ડિસેમ્બર, ૨૦૧૬ ના રોજ રજૂ થયું હતું. લલિત લાડ લિખિત આ ફિલ્મનું નિર્માણ મોઝેઈક ફિલ્મ દ્વારા કરવામાં આવ્યુ છે અને તેના મ્યુઝિક રાઈટ્સ રેડ રિબન હસ્તક છે. આ ટ્રેઈલરની રજૂઆત દરમ્યાન ફિલ્મનું પ્રથમ પોસ્ટર પણ રજૂ કરવામાં આવ્યું હતું. આ ફિલ્મ તા. ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ થિયેટરોમાં રજૂ થશે. રંગમંચના જાણીતા અભિનેતા - દિગદર્શક નિમેષ દેસાઈ આ ફિલ્મનું દિગદર્શન કર્યું છે. ફિલ્મની મૂખ્ય ભૂમિકામાં નરેશ પટેલ અને યોગીતા પટેલ છે. અન્ય કલાકારોમાં એલ્સા નિલજ, એન્ડી વોન ઈચ, રૂતુ વાણી તથા સહાયક ભૂમિકામાં અન્નપૂર્ણા શુક્લનો સમાવેશ થાય છે. નિમેષ દેસાઈના અભિનયની પરેશ રાવલ અભિનિત ફિલ્મમાં ખૂબ જ પ્રશંસા થઈ હતી અને તે કલાજગતમાં આશરે છેલ્લા ૩૫ વર્ષથી જાણીતા છે. તે ગુજરાતમાં અનેક થિયેટર વર્કશોપનું સંચાલન કરી ચૂક્યા છે. નસિબની બલિહારી દ્વારા તેમણે દિગદર્શન ક્ષેત્રે પ્રવેશ કર્યો હતો. આ ફિલ્મને ઉત્તમ ફિલ્મ તથા ઉત્તમ દિગદર્શન ઉપરાંત અન્ય ૬ એવોર્ડ હાંસલ થયા હતા.

> 'કૂખ' ના દિગ્દર્શક રંગમંચના જાણીતા અભિનેતા નિમેષ દેસાઈ તથા સંગીતકાર મેહૂલ સુરતી છે

આ ફિલ્મ રૂડીની કહાણી છે, જે પોતાના પરિવારની નાણાંકિય સ્થિતિ મજબૂત બનાવવા તમામ અવરોધો સાથે સંઘર્ષ કરે છે અને એ દ્વારા પોતાનાં સંતાન મીઠીનું ભાવિ સલામત બનાવે છે. ફિલ્મની કથા સંઘર્ષ અને અસ્તિત્વ ટકાવવા માટેની જહેમત આસપાસ આકાર લે છે. આ ફિલ્મ અંગે વાત કરતાં શ્રી દેસાઈ જણાવે છે કે, સઅમે 'કૂખ'ના ટ્રેઈલર, પોસ્ટર અને મ્યુઝિક લોંચથી ખૂબ જ રોમાંચિત છીએ.

આ ફિલ્મ મહિલાની તમામ અવરોધો સામે લડી લેવાનો દ્રઢ નિશ્ચય અને પોતાના પરિવારની સુરક્ષા માટે ની અપાર સમર્પણ ભાવના વ્યક્ત કરે છે. તે સમાજને એક સબળ સંદેશો આપી જાય છે. અમને આશા છે કે દર્શકોને આ ફિલ્મ અચૂક ગમશે.

# આર. જી. કન્યા વિદ્યાલયની બે વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય કક્ષા માટે પસંદગી





ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરની જાણીતી શિક્ષણસંસ્થા આર.જી. કન્યા વિદ્યાલની વિદ્યાર્થીનીઓ રાજયકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામી છે. દેવગઢ બારીયા મુકામે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની શાળાકીય ખેલકૂદ સ્પર્ધામાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતી ભૂવનેશ્વરી ચૌહાણ, અંડર-૧૯ ગ્રુપમાં ગોળાફેંકમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે.

જયારે ધોરણ-૯સીમાં અભ્યાસ કરતી આરતી. એચ પટેલે અંડર-૧૭માં ૧૦૦ મીટર વિઘ્ન દોડમાં બીજો નંબર મેળવી. રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદ થઈ છે.

બંને વિદ્યાર્થીઓને વ્યાયામ શિક્ષિકા ઉર્વશીબેન જોષીએ માર્ગજર્શન આપ્યું હતું. શાળાના આચાર્યા સુધાબેન, પટેલ, સુપરવાઈઝર ગીતાબેન પટેલ, ગીતેશભાઈ પટેલ, તેમજ મનુભાઈ પટેલે અભિનંદન પાઠવી બંને વિદ્યાર્થીઓને બિરદાવી હતી.

# દાંપત્યજીવન : દ્રૌપદીએ આચરણમાં મૂકેલા સિદ્ધાંતો અને વ્યવહારસૂત્રો

**આવો જીવીએ શાનદાર**
વિનોદ અમલાણી
vamlani@yahoo.co.uk

(ગતાંક થી ચાલુ)

પત્ની હંમેશા પોતાના વાણી, વર્તન અને વ્યવહાર સંયમીત રાખે છે. વગર કારણે ખડખડાટ હસતી નથી, કોઈ ની ઠઠ્ઠામશ્કરી કરવાથી હંમેશા દૂર રહેવાનો પ્રયત્ન કરે છે કારણ કે પોતે જાણે છે કે કોઈ ની ઠઠ્ઠામશ્કરી એ ઘણીવાર ઝઘડાનું મૂળ બનતું હોય છે અને કોઈ પણ સ્ત્રીને એ શોભા નથી આપતું. પતિને ક્યાં પ્રકારના કર્યો ગમે છે અને નથી ગમતા એ પત્ની સારી રીતે જાણે છે તેથી પતિને ના ગમતા કાર્યો પોતે ક્યારેય કરતી નથી. ખોટા અને નકામા વાદ-વિવાદ માં પોતે ક્યારેય પડતી નથી અને પોતે ખોટી રીતે કોઈપણ પ્રકારના વાદ-વિવાદમાં અટવાઈ ના જાય તેના માટે સતત જાગૃત રહે છે અને તકેદારી પણ રાખે છે. પોતે જાણે છે કે ખોટા વાદ-વિવાદમાં પડવાથી પોતાની અને સાથે સાથે પતિની આબરૂને બટ્ટો લાગવાની શક્યતા રહે છે.



શંકાશીલ પત્ની માત્ર પોતાના દાંપત્ય જીવનનો જ નહીં પણ પોતાના કુળનો પણ ક્યારેક વિનાશ નોતરે છે. પત્ની પોતાના પતિ ઉપર કે પોતાના કોઈ જ કુટુંબીજનો ઉપર ક્યારેય શંકા કરતી નથી અને ક્યારેક શંકા જેવુ ઉપજે તો પતિ સાથે નિખાલસ સીધી ચર્ચા કરીને પોતાની શંકાનું સમાધાન કરી લે છે. એવું નથી હોતું કે પત્નીને પતિ વિરુધ્ધ ક્યારેય કોઈ ફરિયાદ ના હોય પણ પોતાની ફરિયાદો ક્યારેય પતિ સુધી પહોંચવા નથી દેતી. પત્નીને પોતાના કુટુંબીજનો વિરુધ્ધ કોઈ ફરિયાદ હોય તો પણ પતિ સમક્ષ પોતાના કુટુંબીજનો વિરુધ્ધ ક્યારેય એક હરફ પણ ઉચ્ચારતી નથી. પોતે જાણે છે કે કુટુંબીજનો વિરુધ્ધ કોઈ ફરિયાદ કરવાથી પતિ દુઃખી થશે અને કદાચ એ પત્નીનો પક્ષ ખેંચીને કુટુંબીજનો સાથે ઝઘડા વહોરી લે. આમ પત્ની પોતે સહન કરીને પણ કૌટુંબિક સંબંધોને કાયમ સુદ્રઢ રાખવા માટે સતત પ્રયત્નશીલ રહે છે.

પત્નિના પિયરમાં ભલે અઢળક સંપતિ અને એશ્વર્ય હોય પણ પિયરના ઠાઠ, વિલાસ, મોટાઈ, સંપતિ કે ઐશ્વર્યને ક્યારેય પોતાના પતિ સમક્ષ વખાણતી નથી. પોતાના સાસરે પિયર જેટલી સુખ સાહ્યબી ના હોય તો પોતે દુઃખી થતી નથી પણ સાસરે જે કઈ હોય તેમાં પોતે સંતોષ માને છે અને તેમાથી જ પોતાના સુખ શોધી લે છે.

એવી જ રીતે બીજા કોઈ પુરુષના ધન, દોલત, સુખ, સહયાબી, એશ્વર્ય કે રૂપના વખાણ કરીને; પોતાના ભાગ્ય ને દોષ દઈ પોતાના પતિને દુઃખી કરતી નથી. પત્નિ સતત એવું ધ્યાન રાખે છે કે ભૂલેચૂકેય બીજી સ્ત્રીના સુખને પોતાના સુખ સાથે સરખાવીને બીજી સ્ત્રીને પોતાના કરતાં વધુ સુખી કે સદભાગી છે એવું કહીને પોતાના ભાગ્યને કોશતી નથી.

સ્ત્રીનો ખલ સ્વભાવ પણ કુટુંબનો વિનાશ નોતરે છે તેથી ખલ સ્વભાવની કે બીજા લોકોની કૂથલી કરનાર સ્ત્રીઓથી પોતે હંમેશા દૂર રહીને પોતાની જાતને અને પોતાના પતિને બચાવે છે. એકાંતમાં પરપુરુષ સાથે વધુ સમય નથી વિતાવતી અને પોતાની ઈચ્છાઓ કે પોતાની કામનાઓ ઉપર સંયમ રાખે છે. પોતાની ઈચ્છાઓ પતિની સામે પણ ભાગ્યે જ પ્રગટ કરે છે.

સ્ત્રીની તન્દુરસ્તી એ કુટુંબની તંદુરસ્તીનું સ્ત્રોત છે. પત્નિ પોતાની જાતની અને પોતાની તંદુરસ્તીની કાળજી રાખીને પોતાના કુટુંબની પણ તન્દુરસ્તી જાળવવાનો પ્રયત્ન કરે છે. પોતાની તન્દુરસ્તી જાળવીને પોતાને સતેજ, સુંદર અને ચીરયૌવના રાખવાનો પ્રયત્ન કરે છે જેથી કરીને પોતાનો પતિ કોઈ પરસ્ત્રી પ્રત્યે આકર્ષાય નહીં.

પતિને કારણે જ પોતે ગૃહકર્તા કે ગૃહિણી છે, પતિને કારણે જ પોતે સંતાનવતી છે અને પતિના કારણે જ પોતે સુખી છે એવું પોતે દ્રઢપણે માંને છે. પોતે આવું માને છે એવી પોતાની માન્યતાનો પતિને પણ સતત એહસાસ કરાવે છે. પતિના માત્ર સુખ જ પોતાના નથી પણ પતિના દુઃખ પણ પોતાના જ છે એવું માનીને પતિ દુઃખમાં કે પતિ આપતિમાં હોય ત્યારે તેને હિમ્મત આપે છે. પતિને આપતિ સમયે તેની સામે લડવા માટે પ્રોત્સાહન આપી પોતાનો સ્ત્રીધર્મ અને પત્નિધર્મ બજાવે છે.

દ્રૌપદીએ વર્ણવેલી સ્ત્રીધર્મ કે પત્નિધર્મની શિક્ષાપત્રી વિષે જાણીને કૃષ્ણપત્નિ સત્યભામા પોતે પણ એ વાતે દુઃખી થયા કે પોતે કૃષ્ણની પત્નિ હોવા છતાં પણ દ્રૌપદી જેવુ આચરણ નથી કરી શકયા.

દ્રૌપદીએ સત્યભામાને કહેલાં સિધ્ધાંતો અને વ્યવહારસૂત્રો પોતે આચરણ કરીને પાંચેય પાંડવો તથા માતા કુંતીને એકસૂત્રે બાંધી રાખવામા મહત્વની ભૂમિકા ભજવી હતી. પોતાના આચરણથી દ્રૌપદી પાંચેય પાંડવોને પોતાના કરી શકી હતી. દ્રૌપદી એ સત્યભામાને કહેલાં સિધ્ધાંતો અને વ્યવહારસૂત્રો પોતે આચરણમાં મૂક્યા હતા એવો સત્યભામાને એહસાસ થયો હતો અને દ્રૌપદીના આચરણથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા. પોતે દ્રૌપદી સમક્ષ એવો અફસોસ પણ વ્યક્ત કર્યો હતો કે પોતે કૃષ્ણ પ્રત્યે એક પત્ની તરીકે દ્રૌપદી જેવુ આચરણ નથી કરી શક્યા.

દ્રૌપદીએ કૃષ્ણપત્ની સત્યભામાને આપેલી શીખ પ્રમાણેનું આચરણ, વર્તન કે વ્યવહાર આજના સમાજ ની કોઈપણ સ્ત્રી માટે મુશ્કેલ છે પણ અશક્ય તો નથી જ. કદાચ દ્રૌપદીએ આચરણમાં મૂકેલા બધા જ વ્યવહારસૂત્રો આચરણમાં ના મૂકી શકાય, પણ શક્ય એટલા મુકાય તો પણ કુટુંબ અને સમાજ માટે આશીર્વાદરૂપ નીવડી શકે. કુટુંબ વ્યવસ્થાના એક ભાગરૂપે દ્રઢ મનોબળ અને નિષ્ઠાથી જો એ શિક્ષાપત્રીનું આચરણ કરવામાં આવે તો આધુનિક સમયની દાંપત્ય જીવનની અને કૌટુમ્બિક જીવનની કેટલીયે સમસ્યાઓનો ઉકેલ આવી જાય.